# તલોદ મામલતદાર કચેરીના કર્મીઓ પોલીસ ભરતી માટે ખોટો કૉલ લેટર કાઢી આપતાં ફરીયાદ

હિંમતનગર, તા. ૩

રાજ્ય સરકાર દ્વારા પોલીસમાં ભરતી કરવા માટે અપાયેલી જાહેરાતનો ગેરલાભ ઉઠાવી ઠગાઈ અને વિશ્વાસઘાત કર્યો હોવાનું સાબરકાંઠા જિલ્લામાં બહાર આવ્યું છે. જેમાં તલોદ તાલુકાના કોજીવાડા ગામના એક બેરોજગારને તલોદ મામલતદાર કચેરીમાં આવેલા જનસેવા કેન્દ્રમાંથી ખોટો કોલ લેટર કાઢી આપ્યો હોવાનું કૌભાંડ પ્રકાશમાં આવતાં મામલતદાર કચેરીના એક હંગામી કર્મચારીઓ વિરૂદ્ધ અમદાવાદના શાહીબાગ પોલીસ સ્ટેશનમાં થયેલી ફરિયાદને આધારે ગુરૂવારે તે અંગે તલોદ પોલીસે તપાસ આરંભી છે.

આ અંગેની વિગત એવી છે કે તલોદ તાલુકાના ફોજીવાડા ગામના અનિલસિંહ લાલસિંહ પરમાર (ઉં.વ.૧૯)ને થોડા સમય અગાઉ તલોદ મામલતદાર કચેરીમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિમાં કામ કરતા સિતવાડાના દશરથસિંહ વદનસિંહ રાઠોડ તથા નિલમબેન લાલસિંહ પરમારે ભેગા મળી અનિલસિંહ પરમારને ગત તા. ૧૫-૨-૨૦૧૨ના રોજ નડિયાદ ખાતે આવેલા એસ.આર.પી. ગૃપ-૭ના મેદાનમાં પ્રેક્ટીકલ પરીક્ષા માટેનો કોલ લેટર જનસેવા કેન્દ્રમાંથી કાઢી આપ્યો હતો. ત્યારબાદ અનિલસિંહ પરમાર આ કોલ લેટર લઈને નડિયાદ ગયા હતા. જ્યાં ફરજ પરના અધિકારીએ કોલ લેટર કમ્પ્યુટર લેતુ ન હોઈ અનિલસિંહને શાહીબાગ હેડ ઓફિસે મોકલી આપ્યા હતા. જ્યા તપાસ કરતાં કોલ લેટર ખોટો હોવાનું જણાયું હતું. ત્યારબાદ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં તે અંગે અનિલસિંહ લાલસિંહ પરમાર અને દશરથસિંહ વદનસિંહ રાઠોડ વિરૂદ્ધ એ.એસ.આઈ. પ્રવિણકુમાર લાલસિંહે ફરિયાદ દાખલ કરી હતી. જે અંતર્ગત તેમણે વધુ તપાસ માટે ફરિયાદના કાગળો તલોદ પોલીસ સ્ટેશનમાં બુધવારે મોકલી આપ્યા હતા. જે અંગે સ્થાનિક પોલીસે ગુરૂવારે તલોદ મામલતદાર કચેરીમાં જઈ તપાસ કરી હતી. જેમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. ઘટના અંગે તલોદમાં લોકોને ખબર પડતાં આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.

ફોજીવાડાના બેરોજગાર અનિલસિંહ લાલસિંહ પરમારને તલોદ મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્રમાંથી કાઢી આપવામાં આવેલા કોલ લેટરનો નંબર ૧૦૦/૮૬૧૫૬ હતો. જે તપાસને અંતે ખોટો સાબિત થતા પોલીસ ફરિયાદ કરાઈ છે.

તલોદ મામલતદાર કચેરીમાં જનસેવા કેન્દ્રમાં હંગામી ધોરણે ફરજ બજાવતી નિલમબેન લાલસિંહ પરમારે અનિલસિંહ લાલસિંહ પરમારની બહેન થાય છે.

જનસેવા કેન્દ્રમાંથી ખોટો કોલ લેટર કાઢી અપાયો હોવાનું બહાર આવતાં તે અંગે તલોદના મામલતદાર એમ.કે. પ્રજાપતિએ જણાવ્યું હતું કે જનસેવા કેન્દ્રમાં ફરજ બજાવતા દશરથસિંહ વદનસિંહ રાઠોડ પર આક્ષેપ થતાં તેમને ફરજ મુક્ત કરવામાં આવ્યા છે.

નિલમબેન પરમાર પણ જો દોસીત જણાશે તો તેમના પર પણ કાર્યવાહી કરવામાં આવી છે.

# ઊંઝામાં ધૂમ્રપાન નિષેધ કાયદાની ઐસી તૈસી

## જાહેર સ્થળોએ ગુટકા અને તમાકુનું ધૂમ વેચાણ

ઊંઝા, તા.૩

ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં જાહેરમાં ધુમ્રપાન યા તમાકુનું સેવન કરનારા નાગરિકો સામે લાગતા વળગતા સરકારી અધિકારીઓ દ્વારા તમાકુ નિયંત્રણ અધિનિયમ મુજબ દંડાત્મક કાર્યવાહી ન થતાં આ કાયદાની ઐસી કી તૈસી થઈ રહી છે ને કાયદો માત્ર નામ પૂરતો જ રહ્યો છે.

ઊંઝા શહેરમાં જાહેર સ્થળો જેવા કે હોસ્પિટલ, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, સરકારી કચેરીઓની આસપાસના વિસ્તારો તેમજ હોટલ, રેસ્ટોરન્ટ, સિનેમાગૃહો, શાળા કોલેજના વિસ્તારમાં ધુમ્રપાન કે તમાકુનું સેવન કરવા પર સરકારે પ્રતિબંધ મૂકી તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ મુજબ દંડાત્મક કાર્યવાહી કરવા આદેશ કર્યો છે. પરંતુ ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સંબંધિત અધિકારીઓએ કાયદાકીય કાર્યવાહી કરવાની હોય છે. તેમ છતાં સંબંધિત અધિકારીઓ આ બાબતે કોઈ પગલાં ભરતાં નથી.

આ વિસ્તારમાં શાળા કોલેજના ૧૦૦ મીટરના વિસ્તારમાં તમાકુની બનાવટો, ગુટકા, મસાલા, પાન વગેરેના વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં કાયદાનો કોઈ અમલ થતો નથી અને છૂટથી આવી ચીજોનુ ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે.

આ કાયદો અમલમાં આવ્યો ત્યારથી અત્યાર સુધીમાં માત્ર એક કે બે કેસોમાં જ દંડાત્મક કાર્યવાહી કરાયેલ છે. પરિણામે કેટલાયે લોકો તેમજ કેટલાક સરકારી બાબુઓ કાયદાની ઐસી કી તૈસી કરીને જાહેરમાં ધુમ્રપાન તથા તમાકુનું સેવન કરી રહ્યાની લોક ફરિયાદો ઉઠી છે.

# સોસાયટીના ત્રાસથી માલગઢની પરિણીતાએ ઝેર પીધું

ડીસા, તા. ૩

ડીસા તાલુકાના માલગઢ ગામમાં જ પિયરીયું અને સાસરીયુ ધરાવતી જાગૃતિ નામની યુવતીએ સાસરિયાઓની ત્રાસથી કંટાળી જઈને ઝેરી દવા ગટગટાવી મોત વ્હાલુ કરતા પિયરીયાઓએ પરિણીતાના પતિ સહિત પાંચ ઈસમો વિરૂદ્ધ ડીસા શહેર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે.

ડીસા નજીક આવેલા માલગઢના વતની વક્તાજી તેજાજી સુંઢેસાની દીકરી જાગૃતિના લગ્ન બે વર્ષ પહેલા આજ ગામે રહેતા પ્રકાશકુમાર ભૂદરાજી પઢીયાર સાથે સમાજના રીતરિવાજ મુજબ કરવામાં આવ્યા હતા. શરૂઆતના છ માસ સુખમય સંસાર વિત્યા બાદ તેણીને મેણા ટોણા મારી શારીરિક અને માનસિક અત્યાચાર અપાતો હતો. અત્યાચાર સહન ન થતાં આખરે તા. ૨ મે ૨૦૧૨ના રોજ મોડીરાતે જીંદગી ટુંકાવી દેવાના ઈરાદે તેણીનીએ ઝેરી દવા ગટગટાવી લેતા હાલત ગંભીર બની જવા પામી હતી. આથી તરત જ ડીસા ખાતે આવેલા ડૉ. લાલજીભાઈ પટેલના દવાખાનામાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. પરંતુ ઝેરની અસર વધુ થઈ જવાથી જાગૃતિ (ઉં.વ.૨૨) નું કરૂણ મોત નિપજ્યું હતું. આ બાબતે વક્તાજી સુંઢેસાએ પ્રકાશ ભૂદરાજી માળી સહિત પાંચ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૪૯૮, ૩૦૬, ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. મૃતક પરિણીતાના મૃતદેહને ડીસાની સરકારી હોસ્પિટલ ખાતે પી.એમ. કરાયા બાદ તેના સ્વજનોને સોંપવામાં આવી હતી.

## હિંમતનગર સબ જેલમાં વ્યસન મુક્તિ શિબિર

હિંમતનગર, તા. ૩

સબ જેલ હિંમતનગર મુકામે વ્યસનમુક્તિ શિબિરનું તા. ૨૮મી એપ્રિલના રોજ યાજાયેલી હતી. દેના ગુજરાતી ગ્રામિણ બેંક ધનસુરાનાં મેનેજર શ્રી પ્રદીપભાઈ સોલંકી અને નશાબંધી મંડળનાં સહયોગથી પાન-મસાલા, બીડી, સિગારેટ, નશાયુક્ત દ્રવ્યોનું સેવનથી દૂર રહેવા માટે શિબિર યોજાયેલ હતી.

નશાબંધી મંડળનાં મંત્રીશ્રી ડૉ. શ્રી કરશનભાઈ સોનેરી, નશાબંધી નિયોજક શ્રી ગણપતભાઈ પંડ્યા એ વ્યસન મુક્તિ માટે સમજ આપેલ હતી. બંદીવાન ભાઈઓએ યોજેલ વ્યસન મુક્ત શિબિરથી નશાબંધી મંડળના મંત્રી શ્રી, ડૉ. કરસનદાસ સોનેરી પ્રભાવિત થયેલ હતા. ૧૬૦ જેટલાં કેદી ભાઈઓએ શિબિરમાં ભાગ લીધો હતો. જેલ અક્ષિધક આર.એસ. ભુરીયાએ શિબિરની સફળતા માટે પ્રયત્નો કરેલ હતા.

# ગત વર્ષ કરતાં આ વર્ષે ઉનાળુ પાકોનું વાવેતર ઓછું થયું : સામાન્ય વાવેતર કરતાં વધુ થયું

ગાંધીનગર, તા.૩

ગુજરાતમાં સરેરાશ નોર્મલ વાવેતર સામે આ વર્ષે ૪૦ ટકા વધુ વાવેતર થવા પામ્યું છે જો કે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે બે હજાર હેકટર ઓછું વાવેતર થવા પામ્યું છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉનાળુ પાકોનો સરેરાશ નોર્મલ વાવેતર વિસ્તાર (છેલ્લા ત્રણ વર્ષ) દરમિયાન ૯૩૧૩ હેકટર વિસ્તાર છે જેની સામે ગત વર્ષે ૧૫૮૨ હેકટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું હતું જયારે આ વર્ષે આ સમયગાળા દરમિયાન ઉનાળુ પાકોનું ૧૩૧૭૫ હેકટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે જે નોર્મલ વાવેતર વિસ્તાર સામે ૪૦ ટકા વધુ છે પરંતુ ગત વર્ષ કરતાં બે હજાર હેકટર ઓછું છે.

પાક વાર જોઈએ તો મગફળીના નોર્મલ વાવેતર વિસ્તાર ૧૪૦૩ હેકટર સામે ગત વર્ષે ૨૩૨૮ હેકટરમાં વાવેતર થયું હતું જો કે તેની સરખામણીએ આ વર્ષે માત્ર ૧૮૭૪ હેકટરમાં જ મગફળીનું વાવેતર થયું છે એટલે કે ૪૦૦ હેકટર ઓછું વાવેતર થવા પામ્યું છે આ જ રીતે મગના નોર્મલ હેકટર વાવેતર વિસ્તાર સામે ગત વર્ષે ૭૧૦ હેકટર વિસ્તારમાં વાવેતર થયું હતું જેની સરખામણીએ આ વર્ષે માત્ર ૫૮૯ હેકટર વિસ્તારમાં જ થયું છે જે ૧૦૦ હેકટર ઓછું છે.

શાકભાજીના નોર્મલ વાવેતર વિસ્તાર ૧૨૮૧ હેકટર સામે ગત વર્ષે ૨૫૦૩ હેકટરની સરખામણીએ આ વર્ષે માત્ર ૧૯૫૯ હેકટર વિસ્તારમાં જ વાવેતર થયું છે એટલે કે ૬૦૦ હેકટર ઓછું વાવેતર થવા પામ્યું છે.

બાજરીના નોર્મલ ૨૫૧૦ હેકટર વાવેતર વિસ્તાર સામે ગત વર્ષે ૩૯૧૦ હેકટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું હતું જેની સામે ૪૦૦ હેકટર ઓછું વાવેતર થવા પામ્યું છે.

ડાંગરના નોર્મલ ૪૯૩ હેકટર વિસ્તાર સામે ગત વર્ષે ૮૪૭ હેકટર વિસ્તારમાં થયેલા વાવેતરની સરખામણીએ આ વર્ષે ૬૦૨ હેકટર વિસ્તારમાં વાવેતર થતાં અંદાજે ૨૦૦ હેકટર વિસ્તારમાં ડાંગરનું ઓછું વાવેતર થવા પામ્યું છે.

અડદ એક જ એવો પાક છે જે નોર્મલ વાવેતર વિસ્તાર અને ગત વર્ષે થયેલ વાવેતર જેટલું જ ૭૦ હેકટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે.

ઘાસચારાના નોર્મલ વાવેતર વિસ્તાર ૨૩૫૪ હેકટર સામે ગત વર્ષે ૪૨૫૫ હેકટર વિસ્તાર સામે આ વખતે માત્ર ૩૫૬૩ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે એટલે કે ૭૦૦ હેકટર વિસ્તારમાં ઘાસચારાનું ઓછું વાવેતર થવા પામ્યું છે.

## ફેમીલી પેન્શનર્સને ઉંમરના દાખલા માટે તાલુકાની રેફરલ હોસ્પિટલનો દાખલો માન્ય રાખવા માંગ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારીમંડળ દ્વારા ફેમીલી પેન્શનરોની ઉંમર માટે સિવિલ સર્જનનો દાખલો લાવવો પડે છે. જેના માટે પેન્શનર્સને ખૂબ જ હાલાકી ભોગવવી પડે છે. આવું ન થાય તે માટે મંડળ દ્વારા તાલુકા કક્ષાએ રેફરલ હોસ્પિટલ પ્રા. આરોગ્ય કેન્દ્રના ડૉક્ટર દ્વારા ઉંમરનો દાખલો આપે તેને માન્ય રાખવો જોઈએ. ગ્રામ્ય વિસ્તારના વૃદ્ધોને ઉંમરના દાખલા માટે જિલ્લાએ જવાની ફરજ પડે છે. અશક્ત બિમાર ફેમીલી પેન્શનર્સની નોંધ, જન્મતારીખની પી. પી. ઓ. બુકમાં ન હોવાથી વધુ પેન્શન મેળવી શકતા નથી. તાલુકા કક્ષાની રેફરલ હોસ્પિટલના તબીબના પ્રમાણપત્ર આધારે ઉંમર પીપીઓ બુકમાં લખવા માટે રાજ્યના આરોગ્ય મંત્રીને પત્ર પાઠવેલ છે. સરકાને વૃદ્ધા અશક્ત ફેમીલી પેન્શનર્સ પ્રત્યે સદ્ભાવના બતાવવા જણાવવામાં આવેલ છે.

# સાસરીયાઓના ત્રાસથી પુત્રવધૂની પોલીસ ફરિયાદ

હિંમતનગર, તા.૩

મહેસાણા જિલ્લાના સતલાસણા ખાતે પતિ સાથે રહેતી હિંમતનગર તાલુકાના ચાંદરણી ગામની યુવતીને સાસરિયાઓ દ્વારા ત્રાસ આપી રૂ. ૩ લાખના દહેજની માંગણી કરવામાં આવતા હિંમતનગર મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગરના મહિલા પોલીસ મથક દ્વારા મળતી માહિતી અનુસાર, ચાંદરણી ગામની રોશનબાપુ (ઈસ્માલભાઈ મન્સુરીની પુત્રી)ને મહેસાણા જિલ્લાના સતલાસણા ગામના સમીરભાઈ સતારભાઈ મનસુરી સાથે પરણાવી હતી. બે વર્ષના લગ્નજીવન દરમિયાન રોશનબેનના પતિ અવારનવાર મારઝુડ કરતા હતા. તથા તેમના સસરા સતારભાઈ અને સાસુ નફીસાબાનુ (રહે. હડીયોલપુર છાપરિયા) તથા નણંદ શબાનાબાનુ અને નણંદોઈ જાકીરભાઈ ચઢવણી કરી મદદગારી કરતા હતા. પતિ અને સાસરીયાઓ દ્વારા અવારનવાર શારિરીક માનસિક ત્રાસ આપી રૂ. ૩ લાખ દહેજ માંગી જાનથી મારી નાંખવાની ધમકી આપતા આખરે કંટાળીને ન્યાયની અપેક્ષાએ રોશનબાનુએ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પાંચ સાસરીયા વિરૂધ્ધ ગુન્હો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હોવાનું એએસઆઈ સુલતાનાબેન વોરાએ જણાવ્યું હતું.


ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


# પોલીસને જોતાં જ દારૂ ભરેલી થેલી મૂકીને ગુનેગારો ફરાર

હિંમતનગર, તા. ૩

હિંમતનગર તાલુકાના જગતપુરા ગામની સીમમાં દારૂના ખેપીયા પોલીસને જોઈ જતા રૂ. ૪૭૦૦ના વિદેશી દારૂ ભરેલી થેલી મુકી ફરાર થઈ ગયા હોવા અંગે ગાંભોઈ પોલીસે વિગતો આપી છે. આ ગુન્હાની બીનાએ સમગ્ર પંથકમાં ચર્ચા જગાવી છે.

ગાંભોઈ પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, આજે સવારે સાડા આઠેક વાગ્યાના સુમારે ગાંભોઈ પોલીસની હદમાં આવતાં જગતપુરા ગામની સીમમાં બાઈક નં. જીજે-૯-એકે-૯૮૭૫ ઉપર જઈ રહેલા બે બાઈક સવારો પોલીસને જોઈ જતા થેલી નાંખીને પલાયન થઈ ગયા હતા. થેલીનો પાલોસે કબ્જો લઈ તપાસ કરતા તેમાંથી દારૂની બોટલ નંગ-૮, બીયરટી નંગ-૨૦ મળી કુલ રૂ. ૪૭૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. પીએસઆઈ એ.કે. વાળા તપાસ ચલાવી રહ્યા છે.

## શ્રી સત્તાવીશ ઔ.સ. બ્રહ્મ સમાજ યુવા ગૃપ પાલનપુર દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

પાલનપુર, તા. ૩

**શ્રી સત્તાવીશ ઔદિચ્ય સહસ્ત્ર બ્રહમસમાજ યુવા ગૃપ પાલનપુર દ્વારા વર્ષ–૨૦૧૧–૧૨માં ધોરણ:– ૧ થી ૧૦ માં ૭૦ ટકાથી વધુ માર્કસ તથા ધોરણ : ૧૧–૧૨ માં ૬૦ ટકા થી વધુ માર્કસ મેળવનાર દરેક ધોરણમાં પ્રથમ ત્રણ સ્થાન પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ આગામી તા. ૨૪–૬–૧૨ ને રવિવારના રોજ યોજાશે. જે માટે ઉપર મુજબની ટકાવારી ધરાવતા બાળકોનાં વાલીઓએ તા.૧૫–૬–૧૨ સુધીમાં માર્કશીટની પ્રમાણિત ઝેરોક્ષ નકલ મનોજ બી.રાવલ, કોયલ કલોથ સેન્ટર, બેચરપુરા, પાલનપુરને અથવા તો યુવા ગૃપના કોઈપણ સભ્યનો સંપર્ક કરી મોકલી આપવા યુવા ગૃપના કન્વીનર ગીરીશભાઈ રાવલ અને સહકન્વીનર ભાવેશ રાવલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.**

# ઊંઝામાં ફરી એક મોટરસાયકલની ઉઠાંતરી : પોલીસની નિષ્ક્રીયતા

ઊંઝા, તા.૩

ઊંઝા શહેરમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે દ્વિચક્રી વાહનોની ચોરીઓનો ઉપદ્રવ વધી જતાં વાહન માલિકો ચિંતાતુર બન્યા છે. તાજેતરમાં ઊંઝા માર્કેટયાર્ડમાં એક વેપારી પેઢી આગળથી કોઈ તસ્કરોએ મોટર સાયકલની ચોરી કરી હોવાના બનાવની તપાસ હજી ચાલી રહી છે. ત્યાં શહેરની રામકૃષ્ણ સોસાયટીના એક મકાન આગળથી રાત્રિના સમયે વધુ એક બાઈકની ઉઠાંતરી થવા પામી છે.

શહેરની રામકૃષ્ણ સોસાયટીમાં રહેતા પટેલ હિતેશકુમાર જયંતિલાલે પોતાનું મોટર સાયકલ નં. જીજે-૨ એ જે ૮૦૬૩ પોતાના રહેણાંકના મકાનના વરંડા પાસે પાર્ક કરેલ હતું. તેની રાતના સમયે કોઈ તસ્કરો ઉઠાંતરી કરી ગયા હતા. ચોરાયેલ મોટર સાયકલની કિંમત રૂપિયા બાવીસ હજાર થવા જાય છે. આ અંગે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સાણંદ એસટી સ્ટેન્ડથી દારૂ સાથે ૩ ઝડપાયા

અમદાવાદ, તા.૦૩

સાણંદ પોલીસે બાતમીમળી હતી કે સાણંદ એસ.ટી. સ્ટેન્ડ પાસેથી કેટલાક શખ્સો કારમાં દારૂ લઈ પસાર થવાના છે. બાતમીના આધારે સાણંદ પોલીસે વિદેશી દારૂ સાથે કરણસિંહ હરેશભાઈ ગોહિલ બ્રહ્મપોળ, સાણંદ, જગદીશ ઉર્ફે જગાવર ભીમાભાઈ ચૌહાણ રહે સાણંદ, પંકજસિંહ દસરથસિંહ વાઘેલા રહે. બાપાની ડેલી ગોધાવીને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી વિદેશી દારૂની બોટલ નંગ ૧૧, બીયરના ટીનનંગ ૬૦ મળી ૧૦ હજારથી વધુનો દારૂ કબ્જે કર્યો હતો.

**જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર**

ગુજરાત સરકારશ્રી દ્વારા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત ગ્રામ પંચાયત કક્ષાએ યોજનાના અમલીકરણ માટે શ્રમયોગીઓ માટે નવી જોબકાર્ડ ઈસ્યુ કરવામાં આવનાર છે. જે કાર્યક્રમ તા. ૧-૫-૨૦૧૨થી ૧૯-૫-૨૦૧૨ સુધી પૂર્ણ કરવામાં આવનાર છે. જે પરત્વે ગાંધીનગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ જોબકાર્ડ મેળવેલ કુટુંબો માટે ગ્રામ પંચાયત આંગણવાડી, પ્રાથમિક શાળા, વ્યાજબી ભાવની દુકાન તથા અન્ય જાહેર સ્થળોએ કોરા ફોર્મ ઉપલબ્ધ થશે જેની સંપૂર્ણ વિગતો ભરી તથા આધાર પુરાવા સાથે ગ્રામ પંચાયતમાં તા. ૧૨/૫/૨૦૧૨ સુધીમાં પરત આપવાના રહેશે. છેલ્લા ત્રણ વર્ષથી એક પણ દિવસ કામની માંગણી થયેલ ન હોય કે રોજગારીની માંગણી થયેલ ન હોય તેવા કુટુંબો કામ કરવા ઈચ્છુક ન હોય તો રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

સહી/-
અધિક જિલ્લા પ્રોગ્રામ કો ઓર્ડિનેટર
(એમજીએનઆરઈજીએ) - વ -
નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર

માહિતી/૨૨૯/૨૦૧૨-૧૩

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**
**(ગવર્નમેન્ટ ઓફ ગુજરાત અન્ડરટેકીંગ)**

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી. ગાંધીનગરની કચેરીમાં એ.સી.મશીનના કોમ્પ્રીહેન્સીવ વાર્ષિક કોન્ટ્રાક્ટ અન્વયે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ માટેના ટેન્ડર ફોર્મ અત્રેની કચેરએથી ઈસ્યુ કરવામાં આવશે. જે રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ)ના જી.એસ.આર.ડી.સી. લીના નામના ડીમાન્ડ ડ્રાફટ સાથેની કંપનીના લેટરપેડ પર અરજી કરવાથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તા. ૭/૫/૨૦૧૨ સુધી રાખવામાં આવેલ છે. ભરેલ ટેન્ડરો તા. ૧૪/૫/૨૦૧૨ સુધી રજી.પો.એ.ડી.થી સીલબંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. કવર પર "એ.સી. મશીનના વાર્ષિક કોન્ટ્રાક્ટના ભાવ - તા. ૧૪/૫/૨૦૧૨ પહેલા ખોલવું નહીં." એવું અવશ્ય લખવું. આવેલ ભાવપત્રકો શક્ય હશે તો તા. ૧૫/૫/૨૦૧૨ના રોજ ૧૨-૦૦ કલાકે હાજર રહેલ એજન્સી સમક્ષ રૂબરૂમાં ખોલવામાં આવશે.

**જનરલ મેનેજર (પ્રોજેક્ટ)**
**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**
ભોંયતળિયે, નિર્માણ ભવન, સેક્ટર નં. ૧૦/એ, ગાંધીનગર

માહિતી/૨૨૮/૨૦૧૨-૧૩


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૭૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન